ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શિક્ષણ સમિતિના ચેરમેનપદે રાજેન્દ્રસિંહ રાઠોડની વરણી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના



ચેરમેન પદે રાજેન્દ્રસિંહ રાઠોડની આજે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની આજે બેઠક મળી હતી. બેઠકમાં એક જ મુદ્દાનો એજન્ડા હતો.

રાજેન્દ્રસિંહ રાઠોડના નામની દરખાસ્ત પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ જેઓ શિક્ષણ સમિતિના સભ્ય છે તેમણે રજુ કરી હતી અને સિનીયર સભ્ય શિલ્પાબેન જયેશભાઈ પટેલે તેનુ સમર્થન કર્યુ હતુ.

આ પછી તમામ સભ્યોએ સમર્થન કરતાં રાજેન્દ્રસિંહ રાઠોડ સર્વાનુમતે વરાયા હતા. રાજેન્દ્રસિંહ દહેગામ તાલુકાની કડજોદરા બેઠક પરથી વિજયી થયેલા છે.

શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ પટેલનું દુઃખદ અવસાન થતાં આ જગ્યા ખાલી પડી હતી. સ્વ. નાથુભાઈ હાલીસા બેઠક પરથી વિજયી થયા હતા. આજની બેઠકમાં સમિતિની બેઠકના આરંભમાં જ સ્વ. નાથુભાઈને શ્રદ્ધાંજલિ આપી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.



**રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો...**

કુદરતે આપણને ઋતુઓની રમ્ય વિવિધતા બક્ષી છે. ઋતુઓ આપણા જીવનને વિવિધતાથી ભરી દે છે. પ્રત્યેક ઋતુના તેના આગવા રંગરૂપ અને સૌંદર્ય હોય છે, તેમાં પણ વસંત તો ઋતુરાજ છે. તેની તો વાત જ નિરાળી છે. વસંત એટલે રંગ અને ઉમંગ. રૂમઝુમ પગલે વસંતનું આગમન થતાં વૃક્ષો પાછા ખીલી ઉઠે છે. રંગબેરંગી અને સુંગધી ફૂલોથી વાતાવરણ મહેંકી ઉઠ્યુ છે. શહેરમાં વિવિધ સ્થળે ઉગી નીકળેલા પુષ્પો આપણા મનને આનંદથી ભરી દે છે. તેમાંય લાલ ગુલાબનું સૌંદર્ય મનને મોહી રહ્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સોમવારે સરપંચો અને સભ્યો સાથે સંવાદ કરશે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સોમવારે ૧૧ થી ૧૨ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારની પંચાયતી રાજ સંસ્થાના પદાધિકારીઓ સાથે સીધો સંવાદ કરશે.

બાયસેગના માધ્યમથી રાજ્યના મુખ્યમંત્રી આ સંવાદ કરવાના છે. આ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૮ થી ૧૦ ગામના ચૂંટાયેલા પંચાયતના સભ્યોનું કલ્સ્ટર બનાવી અને તેમને એક સ્થાન પર કાર્યક્રમમાં ભાગીદાર બને તે માટે એકત્ર કરવામાં આવશે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મુખ્યમંત્રી દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં વિકાસના કામો હાથ ધરવા માટે ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટનો ઉપયોગ કેવી રીતે કરવો, સામૂહિક વિકાસના કામો, સ્વચ્છતા અભિયાન, કૃષિ વિકાસ, ખાસ કરીને પ્રાકૃતિક ખેતી તેમજ વેક્સીનેશન અભિયાન વિવિધ બાબતોને લઈ વાત કરશે.

મુખ્યમંત્રી જળ સંચય અભિયાન પર ખાસ ભાર મુકશે આ માટે આગામી દિવસોમાં હાથ ધરાનાર સુજલામ સુફલામને લઈ વાત કરશે.

ગરીબ કલ્યાણ મેળા પૂર્વે મુખ્યમંત્રી દ્વારા ગ્રામ પંચાયતો સાથે સંવાદ કરવાના અભિગમને લઈ રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે.

### જમીન ફાળવવાની દરખાસ્તના મામલે

# ગુડા હવે જંત્રી ભાવ મુજબ એક ટકો પ્રોસેસ ચાર્જ વસુલશે

**સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ ગુડા પાસે જમીન ખરીદી માટે અરજી કરે છે : પરંતુ લેન્ડ પ્રાઇઝ કમિટીએ નિયત કરેલા ભાવ સાંભળીને જગ્યા ખરીદવાનુ માંડી વાળતા ગુડાની મહેનત માથે પડે છે : આ સ્થિતિને નિવારવા ગુડા નોન રીફંડેબલ ચાર્જ વસુલશે**

ગાંધીનગર તા ૧૮

ગુડા હસ્તકની જમીન ખરીદવા માટે સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓ માંગણી કરે છે જયારે આવા કીસ્સામાં વેચાણ દસ્તાવેજોની તપાસ અને નકશા તૈયાર કરવા સહીતની દોઢ બે મહીનાની પ્રક્રીયાના અંતે લેન્ડ પ્રાઈઝ કમિટી દ્વારા જમીનની કીંમત નિયત કરવામાં આવે છે. પરંતુ આ મુજબની લાંબી અને જટીલ પ્રક્રીયાના અંતે આખેર સંસ્થા દ્વારા જમીન ખરીદવાની ના પાડી દેવાતા ગુડાએ સમય અને નાંણા વેડફવાનો વારો આવે છે.જેના પરિણામે ગુડાએ હવે જમીન ખરીદવાની અરજી સાથે હવે અરજદાર સંસ્થા પાસેથી સંબંધિત વિસ્તારની જંત્રીની એક ટકા રકમ નોન રિફન્ડેબલ પ્રોસેસ ચાર્જ તરીકે વસુલવાનો નિર્ણય લીધો છે.

ગુડા પાસે જમીન ફાળવવા માટે સરકારી કે અર્ધ સરકારી સંસ્થાઓ દ્વારા દરખાસ્ત કરવામાં આવતી હોય છે. પરંતુ આવા કિસ્સામાં ઘણીવાર ગુડાએ સમય શક્તિ અને નાંણા વેડફવાનો વારો આવે છે. આ સ્થિતિને નિવારવા ગુડાના તંત્રએ એક મહત્વનો નિર્ણય લીધો છે. ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર છેલ્લા કેટલાક સમયમાં સરકારી સંસ્તાઓ રેરા, એલ આઈ સી, એન એચ એસ આર એલ દ્વારા વાણિજય , વહીવટી કે રહેણાંક સહીતના હેતુ માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના વિસ્તારમાં જમીન ફાળવવા માટે દરખાસ્ત કરી હતી. પરંતુ આ અરજીઓના લીધે ગુડાએ લાંબી અને ખર્ચાળ પધ્ધિત અનુસર્યા બાદ પણ તેનો યોગ્ય નિકાલ આવ્યો ન હતો. જેને અનુલક્ષીને ગુડાએ હવે જમીન ફાળવવા માટે જે નીતિ અપનાવી હતી તે મુજબ સંસ્થાની પસંદગીની જમીનની કીંમત લેન્ડ

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં ૨૬ નવા કેસ : ૯૮ને ડિસ્ચાર્જ

**ગાંધીનગર શહેરમાં ૧૬ કેસ તો જિલ્લાના ગ્રામ્યમાં ૧૦ કેસ નોંધાયા : દહેગામ, માણસા, કલોલમાં ૧-૧ કેસ, ગાંધીનગરમાં ૭ કેસ, પાલજમાં ૫ કેસ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે. શહેર-જિલ્લામાં આજે ૨૬ કેસ નોંધાયા છે જેમાં શહેરના ૧૬ કેસ અને ગ્રાન્ય વિસ્તારના ૧૦ કેસનો સમાવેશ થાય છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૭૨ દર્દીઓને અને ગ્રામ્યમાં ૨૬ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામ, કલોલ અને માણસામાં ૧-૧ કેસ જ્યારે ગાંધીનગરમાં ૭ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકાના સામેત્રી ગામે, કલોલના ધાનજ ગામે એક ૭૮ વર્ષીય મહિલા, તેમજ માણસા તાલુકાના અલુવામાં ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ, ચંદ્રાલા, પીંપલજ, અડાલજમાંથી કેસ મળવા ઉપરાંત વાસણ ગામે ૭ વર્ષના દિકરાનો તેમજ છાલામાંથી ૨ કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૬ કેસ નોંધાયા છે. શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

# કુડાસણ-સરગાસણમાં ત્રીજી લ્હેર દરમ્યાન એક-એક હજાર કેસ

**શહેરમાં નભોઈ-અમીયાપુરમાં ૧-૧ કેસ જ્યારે અન્ય છ વિસ્તારોમાં ૧૦ થી ઓછા કેસ નોંધાયા : સાત વિસ્તાર એવા જ્યાં ૫૦ થી ઓછા કેસ નોંધાયા : ૧૩ વિસ્તારમાં ૧૦૦ થી વધુ કેસ, સે. ૧૯ સહિત ૮ વિસ્તારોમાં ૨૦૦થી વધુ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં કોરોનાની ત્રીજી લ્હેરમાં કુડાસણ અને સરગાસણમાં એક-એક હજાર કેસ નોંધાયા છે.

શહેરમાં ત્રીજી લ્હેરમાં ૯૮૦૦થી વધુ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે ત્યારે શહેરના કયા વિસ્તારમાં કેટલા કેસ નોંધાયા તેની વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વાવોલ અને સે. ૨ માં ૫૦૦-૫૦૦થી વધુ વધુ કેસ નોંધાયા છે. વાવોલમાં ૫૬૦ જેટલા કેસ જ્યારે સે. ૨ માં ૫૩૦ જેટલા કેસ નોંધાયા છે.

સે. ૩ માં ૩૮૨ કેસ, રાયસણમાં ૩૭૩ કેસ, પાલજમાં ૩૯૦ કેસ, પેથાપુરમાં ૩૫૦ કેસ, સે. ૭ માં ૩૩૦ કેસ, રાંદેસણમાં ૩૫૭ કેસ, સે. ૩૦ માં ૨૫૦ કેસ, સે. ૨૬ માં ૨૧૯ કેસ નોંધાયા છે.

વી.આઈ.પી. ગણાતા સે. ૧૯ માં ૨૪૨ કેસ નોંધાયા છે.

**શહેરમાં સંક્રમણની સ્થિતિ હવે સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે**

સે. ૧ માં ૧૫૭, સે. ૮ માં ૧૭૧, સે. ૧૨ માં ૧૮૮, સે. ૧૩ માં ૧૨૯, સે. ૧૪ માં ૧૩૯, સે. ૨૧માં ૧૮૪, સે. ૨૩ માં ૧૩૬, સે. ૨૪ માં ૧૭૨, સે. ૨૫ માં ૧૩૪, સે. ૨૭ માં ૧૯૪, સે. ૨૮ માં ૧૦૯, કોબામાં ૧૧૫, ઝુંડાલમાં ૧૩૯ કેસ નોંધાયા છે.

અમીયાપુર અને નભોઈ ગામ એવા છે જ્યાં માત્ર ૧ કેસ ત્રીજી લ્હેરમાં નોંધાયો છે. સે. ૧૦ માં ૨, સે. ૧૧ માં ૫ કેસ, સે. ૧૮ માં ૫ કેસ, બાસણમાં ૪ કેસ, ધોળાકુવામાં ૫ કેસ, ઈન્દ્રોડામાં ૯ કેસ નોંધાયા છે.


પોર, ખોરજ, જીઈબી, અંબાપુર, સે. ૯, સે. ૧૫, સે. ૧૬ એવા વિસ્તાર છે જ્યાં ૫૦ થી ઓછા કેસ નોંધાયા છે.

ઈન્ફોસીટી, કોલવડા, રાંધેજા, સુઘડ, ભાટ, સે. ૧૭, સે. ૨૦ એવા વિસ્તારો છે જ્યાં ૫૦ થી વધુ પણ ૧૦૦ થી ઓછા કેસ નોંધાયા છે.

શહેરમાં સંક્રમણની સ્થિતિ હવે સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે.

પ્રથમ પુણ્યતિથિએ

ભાવભીની અંજલિ



સ્વ. રામચંદ્ર ગાંડાભાઈ પટેલ

સ્વર્ગવાસ તા. ૧૯/૨/૨૦૨૧

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
પરોપકાર તમારું રટણ હતું, સત્કાર્ય તમારી શોભા હતી.
એવા કર્મનિષ્ઠ પુણ્યાત્માને અમારા કોટિ કોટિ વંદન

લિ.

ગં.સ્વ. સુભદ્રાબેન રામચંદ્ર પટેલ

વિનાયક રામચંદ્ર પટેલ (પુત્ર) • શારદા વિનાયક પટેલ (પુત્રવધુ)
અભિપ્સા ભરતકુમાર પટેલ (પુત્રી) • ભરતકુમાર ચંદુલાલ પટેલ (જમાઈ)
કૃષિક વિનાયક પટેલ (પૌત્ર) • ઝલક હિતેન્દ્રભાઈ પટેલ (પૌત્ર)
હિતેન્દ્ર અંબાલાલ પટેલ (ભત્રીજા) • ભાવેશ રાજેન્દ્રભાઈ પટેલ (પૌત્ર)
પ્રતિક રાજેન્દ્રભાઈ પટેલ (પૌત્ર) • ઋષિક રાજેન્દ્રભાઈ પટેલ (પૌત્ર)

વિશ્વ ભરતકુમાર પટેલ (ભાણેજ)
રમેશભાઈ બી. પટેલ (ઈસનપુર મોટા)

# સેન્ટ્રલ વર્જમાં મેટ્રો પ્રોજેક્ટના લીધે હરિયાળા વૃક્ષોની કટોતી સામે આક્રોશ

ગાંધીનગર તા ૧૮

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં હાઈટેક વિકાસના નામે અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે વિકાસના નવા આયામો વચ્ચે હરિયાળીનો પણ સોથ વળી રહ્યો છે. છેલ્લા દોઢ દાયકામાં શહેરમાં હરિયાળા વૃક્ષોની કટોતી વિશેષ થઈ છે. જેના લીધે ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતુ શહેર હરિયાળીના મામલે હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. માર્ગ નિર્માણ તેમજ નવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવવાની સાથે હરિયાળીનુ નિકંદન નિકળી રહ્યુ છે. ચ માર્ગ પર મેટ્રો રેલ પ્રોજેકટને અનુલક્ષીને સેન્ટ્રલ વર્જમાં પણ વૃક્ષોની કટોતી કરવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓમાં રોષ પ્રવર્તયો છે.

શહેરમાં હરિયાળા વૃક્ષોની વિકાસના નામે કટોતી થાય છે. નગરમાં માર્ગ વાઈડનીંગ અને અનેકવિધ વિકાસ કામો દરમિયાન હરિયાળીનો સોથ વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ નારાજગી વ્યાપી



છે. આ મામલે સમયાંતરે વિરોધ પણ પ્રદર્શિત કરવામાં આવે છે. છેલ્લા દોઢ દાયકામાં વિકાસની હરણફાળ ભરતા નગરમાં હરિયાળીનુ એક યા બીજા બહાને નિકંદન વળતુ રહ્યુ છે. જેના લીધે ગ્રીનસીટીની દ્રષ્ટીએ શહેર હવે સાવ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં પણ વૃક્ષોની જાળવણી અને જતન કરવાનુ મુશ્કેલ બન્યુ છે. વનતંત્ર પાસે પણ મેનપાવરનો અભાવ છે. જયારે હાલ મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં હોવાથી ગમે ત્યારે રખડતા ઢોર ઘુસી જાય છે. વન આરક્ષિત વિસ્તારમાં વધતા દબાણો અને ગંદકીના લીધે પણ હરિયાળી સામે ખતરો મંડરાયો

● અનુસંધાન પાન-૭ પર

शतम् जीवेत शरदः



યોગેશભાઈ ગાંધી

આજે જીવનના સાત દાયકા સંપન્ન કરી ઈકોતેરમાં વર્ષના પ્રવેશે આપના દીર્ઘાયુજીવન માટે શ્રીજીના ચરણોમાં પ્રાર્થના સહ અંતરના ઉમળકાથી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.

રાજુભાઈ ગાંધી ● નિરવ ગાંધી
અને પરિવારજનો તથા મિત્રવૃંદ

# મનપા દ્વારા આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની ભરતી સંપન્ન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરમાં આરોગ્યની સુવિધા સુદ્રઢ બનાવવાના હેતુથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. પાલિકા દ્વારા કરવામાં આવેલી 21 MPHW maleની ભરતીનું રીઝલ્ટ ૧૭ ફેબ્રુઆરીના દિવસે જાહેર કરવામાં આવ્યું હતું આ યાદીમાં ૨૧ સફળ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે જનરલ કેટેગરીમાં ૨૦, જીઈમ્ઝ કેટેગરીમાં ૧૦, ઈઉજી કેટેગરીમાં ૪, જીઝ કેટેગરીમાં ૨ અને જી્ કેટેગરીમાં ૬ ઉમેદવાર મળીને કુલ ૪૨ ઉમેદવારોની પ્રતિક્ષા યાદી પણ જાહેર કરવામાં આવી છે. ભરતીમાં સફળ થયેલા તમામ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરીને તેમને હાજર થવાના ઓર્ડર પણ કરવામાં આવ્યા છે. આ અગાઉ પાલિકા દ્વારા ૪ ફાર્માસિસ્ટ, ૫ લેબ ટેકનિશિયન્સ અને ૨૪ ફિમેલ હેલ્થ વર્કરસની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરીને નિમણૂંક આપવામાં આવી છે. હવે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતી પ્રક્રિયા પૂર્ણ થતાં આરોગ્ય વિભાગની ૪ ચાર કેડરની ભરતી સફળતા પૂર્વક પૂર્ણ થઈ છે.

ટાઈટલ ક્લીયર
બંગલો વેચવાનો છે
સેક્ટર-૮, પ્લોટ -૩૫૦, ૩૩૦ ચો.મી., ફુલ્લી ફર્નીશ્ડ, ચાર બેડરૂમ,
સંપર્ક
ડો. હરેશ બી. ઠેકડી
મો. ૯૮૨૫૦ ૪૭૧૦૪
બપોરે ૧ થી ૫

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com